ક્રમાંકઃ ગુજકા/વેટ/ ૮૮ /૨૦૦૮-૦૯/જા.૬૧/૫૫.

વાણિજિયક વેરા કમિશ્નરની કચેરી,
સી/૨, વાણિજિયક વેરા ભવન,
આશ્રમ રોડ, ગુજરાત રાજય,
અમદાવાદ. તા. ૧-૧૦-૨૦૦૮.

# જા હે ર પ રિ પ ત્ર

વિષયઃ- કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળના ફોર્મ્સ મેળવવા બાબત.

કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ આંતર રાજય ખરીદીઓ, નિકાસ ક્રમમાં થતી ખરીદીઓ અથવા અન્ય રાજયમાંથી સ્ટોક ટ્રાન્સફર કે કન્સાઇનમેન્ટ ધ્વારા મેળવવામાં આવતાં માલ અંગે જુદા જુદા ફોર્મ્સ આપવાના થાય છે. નિયમોમાં હાલની જોગવાઇઓ મુજબ વેપારીઓએ સંબંધિત ઘટક કચેરીમાં અરજી કરી આ ફોર્મ્સ મેળવવાના થાય છે. આ ફોર્મ્સ મેળવતી વખતે તેઓએ નિયમોની જોગવાઇઓ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાના થાય છે તેમજ અગાઉ વપરાયેલા ફોર્મ્સનો હિસાબ રજુ કરવાનો થાય છે.

વેપારીઓને સમયસર તેમજ સહેલાઇથી ફોર્મ્સ મળી રહે તેમજ વ્યવસ્થામાં પારદર્શકતા આવે તે હેતુસર ફોર્મ મેળવવાની સંપુર્ણ વ્યવસ્થામાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ નિર્ણય મુજબ ફોર્મ મેળવવા માટે નીચે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૧) હવે પછી કોઇપણ ફોર્મ મેળવવા માટે વેપારીએ અરજી કરવાની રહેશે નહીં, પરંતુ તેમના ધ્વારા રજુ કરેલ ઇ-રીટર્નને જ અરજી તરીકે ગણવામાં આવશે. આમ અરજી કરવાની પધ્ધતિમાં ફેરફાર કરાતાં ફોર્મ્સ મેળવવા માટેની અરજી એ રીટર્ન જ હોઇ ફોર્મ્સ મેળવવા માટે વેપારીઓએ ઇ-રીટર્ન ભરવાનું રહેશે.

(૨) આમ ઉપર જણાવ્યા મુજબ ફોર્મ મેળવવા માટે અલગથી અરજી કરવાની રહેતી ન હોઇ ફોર્મ મેળવવા માટે કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરુપે ચૂકવવાની ફી સરકારે માફ કરેલ છે, જેથી ઇ-રીટર્નને અરજી તરીકે સ્વીકારતાં ફોર્મ માટેની ફી સંપુર્ણપણે માફ થાય છે.

(૩) વેપારીએ રજુ કરેલ રીટર્ન સાથેના એપેન્ડીક્ષ-૨ માં આંતર રાજય ખરીદીઓ, નિકાસ ક્રમમાં કરેલ ખરીદીઓ કે રાજય બહારથી મેળવેલ બ્રાન્ચ ટ્રાન્સફર કે કન્સાઇનમેન્ટની વિગત આપવાની થાય છે. એપેન્ડીક્ષ-૨ માં જરુરી વિગતો જેવી કે, માલ વેચનાર / મોકલનારનું નામ, કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર, બીલ નંબર, તારીખ, માલની કિંમત, વેરાની રકમ વગેરેનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કરવાનો થાય છે, જેથી તેમને ઇસ્યુ કરવામાં આવનાર ફોર્મ ક્ષતિ રહિત મળી શકે.

(૪) વેપારીએ કાયદાની જોગવાઇઓ મુજબ તેમના રીટર્ન માસિક અથવા ત્રિમાસિક રજુ કરવાના થાય છે. વિભાગ ધ્વારા તેમને આપવાના થતાં ફોર્મ ત્રિમાસિક ધોરણે આપવામાં આવશે. આ સાથે અગાઉથી (advance) ફોર્મ આપવાની પધ્ધતિ સંપુર્ણપણે બંધ કરવામાં આવે છે. આ પધ્ધતિ મુજબ આપવામાં આવનાર ફોર્મ ઉપર માલ વેચનાર અને ખરીદનાર વેપારીઓની વિગત અને વ્યવહારની વિગતો ખાતા ધ્વારા લખીને આપવામાં આવશે કે જેથી આ ફોર્મનો બીજાં કોઇ વ્યવહાર માટે ઉપયોગ થઇ ન શકે.

(૫) Faceless વહીવટની પ્રક્રિયાને આગળ વધારતાં હવે પછી ફોર્મ રુબરુ આપવાની પ્રક્રિયા પણ બંધ કરવામાં આવી છે. વેપારી ધ્વારા On line રજુ કરેલ વિગતોના આધારે ફોર્મ ઉપર જરુરી વિગતો પ્રિન્ટ કરી વેપારીના પેઢીના સરનામે ખાતા ધ્વારા પોષ્ટ / કુરીયરથી સીધી મોકલવામાં આવશે. કોઇપણ સંજોગોમાં કોઇ વેપારીને રુબરુમાં ફોર્મ આપવામાં આવશે નહીં. આ હેતુસર ખાતાના રેકોર્ડમાં વેપારી ધ્વારા દર્શાવેલ સરનામાને ધ્યાને લેવામાં આવશે. વેપારીના હાલના દર્શાવેલ સરનામાની વિગત વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. વેપારીને પોતાના સરનામામાં કોઇપણ ત્રુટિ જણાય તો તેમણે આ અંગે જે તે ઘટક કચેરીમાં અરજી કરી પોતાના સરનામામાં રહેલ ભૂલનો સુધારો કરાવી લેવા જણાવવામાં આવે છે.

(૬) આમ ઉપર્યુકત પધ્ધતિ મુજબ વેપારીને સીધા તેમના ધંધાના સ્થળે વિભાગ ધ્વારા ફોર્મ મોકલવામાં આવનાર છે. આ ફોર્મ છાપવાના અને મોકલવાના ખર્ચ પેટે ટોકન રકમ રુ.૫૦/- પાર્સલ દીઠ નકકી કરવામાં આવેલ છે. આ ખર્ચ પેટે કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર ધરાવનાર અને ઉપર્યુકત પધ્ધતિથી ફોર્મ મેળવવા ઇચ્છતા દરેક વેપારીએ વર્ષ દીઠ રુ.૨૦૦/- સરકારી તિજોરીમાં એડવાન્સ જમા કરાવી ઘટક કચેરીને ચલણની નકલ રજુ કરવાની રહેશે. એક પાર્સલમાં વધુમાં વધુ ૫૦ ફોર્મ મોકલવામાં આવનાર છે, જેથી કોઇ વેપારીને આ સંખ્યા કરતાં વધારે ફોર્મની જરુરીયાત રહેતી હોય તો તેમણે તે મુજબ વધારાની રકમ જમા કરાવી ચલણ ઘટક કચેરીમાં રજુ કરવાનુ રહેશે જેનો હિસાબ વર્ષના અંતે કરવામાં આવશે.

(૭) સંપુર્ણ વ્યવસ્થા Faceless વહીવટના ભાગરુપે હોઇ, આ વ્યવસ્થાથી ફોર્મ આપવાની ઝડપમાં સુધારો થશે તેમજ તેમાં થતી ક્ષતિઓને પણ નિવારી શકાશે. આ કામગીરી ઇ-ગવર્નન્સ યોજના હેઠળ થતી હોઇ, હવે પછી આ કામગીરીમાંથી ઘટક કચેરીઓને દુર રાખી સંપુર્ણ વ્યવસ્થા વિભાગીય સંયુકત કમિશ્નરની કક્ષાએ ગોઠવવામાં આવી છે.

(૮) વેપારી ધ્વારા રજુ કરેલ માહિતી ધ્યાને લઇ તે મુજબ ફોર્મમાં વિગતો દર્શાવી ફોર્મ વેપારીને મોકલવામાં આવશે. મળેલ ફોર્મમાં કોઇપણ કારણસર ક્ષતિ જણાય અથવા કોઇ બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય તે સંજોગોમાં વેપારીએ જે તે સંયુકત કમિશ્નરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગે નિયમ-૧૨ ની જોગવાઇનું પાલન દરેક વેપારીએ કરવાનું રહેશે.

(૯) ઉપર મુજબની સંપુર્ણ વ્યવસ્થા જુલાઇથી સપ્ટેમ્બર-૨૦૦૮ ના ત્રિમાસથી શરુ થાય છે, જેથી આ સમયગાળાના અને તે પછીના બધાં ફોર્મ ઉપર જણાવેલ વ્યવસ્થા હેઠળ જ આપવામાં

આવશે. આ સમયગાળા પહેલાંના ફોર્મ મેળવવા માટે અગાઉ બધાં વેપારીઓને જણાવવામાં આવેલ છે તે પ્રમાણે તેમણે ૩૦ જૂન ૨૦૦૮ સુધીના વ્યવહારના બધાં ફોર્મ સંબંધિત ઘટક કચેરીમાંથી મેળવવાના રહેશે. ઉપર મુજબની નવી વ્યવસ્થા અમલમાં આવતાં ૩૦ જૂન ૨૦૦૮ સુધીના ફોર્મ મેળવવા માટેની ઘટક કચેરીની હાલની વ્યવસ્થા ૩૦ નવેમ્બર ૨૦૦૮થી સંપુર્ણપણે બંધ કરવામાં આવે છે. જેથી આ અંગેની અરજીઓ સ્વીકારવાની છેલ્લી મુદત ૧૫ નવેમ્બર-૨૦૦૮ સુધી રહેશે.

(૧૦) ફોર્મ્સના હાલના નમુનામાં ફેરફાર કરી નવા નમુના બહાર પાડવામાં આવેલ છે. નવી વ્યવસ્થા મુજબ આપવામાં આવનાર ફોર્મ નવા નમુના પ્રમાણેના હશે.

ઉપર મુજબની જોગવાઈઓની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

વાણિજ્યિક વેરા કમિશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.